(સ્વાનુભવ અને પુસ્તક–પરીચય)

# મારી એન્જીયોપ્લાસ્ટી અને હરનીશ જાનીની ‘સુશીલા’

## સ્વ. જગદીશ શાહ

માનવ આયખાનાં પુરાં 75 અને સક્રીય સમાજજીવનનાં 56 વર્ષો પછી શરીરનાં અંગો જવાબ માંગે તે સ્વાભાવીક છે. છએક મહીનાથી છાતીમાં ક્યારેક ભીંસ અનુભવાતી હતી. સામાન્ય ગૅસનો ભરાવો હશે એમ માની હું મન મનાવતો અને ઝટ ડૉક્ટર પાસે દોડી જવાનું હું ટાળતો. પણ આ 7 સપ્ટેમ્બર 2009ના દીને તો દર્દ આખો દીવસ રહ્યું. મારાં મીત્રદંપતી ઉતમભાઈ અને મધુબહેન જોડે રાતે સાડા દસ સુધી તો અમે બહુ ગમ્મત કરી. પણ દર્દ તો વધ્યે જ ગયું. રાતે બે વાગ્યે મારા ડૉક્ટર દીકરા ભરતને જગાડી પરીસ્થીતી જણાવી. તેણે મને તપાસ્યો અને રાતોરાત મને શહેરના જાણીતા કાર્ડીયોલૉજીસ્ટની હૉસ્પીટલમાં દાખલ કરાવ્યો. આઈ.સી.સી.યુનીટમાં ઉપચારો ચાલુ થયા. બે–અઢી કલાકમાં તો એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી થઈ ગઈ અને સ્ટેન્ટ પણ મુકાઈ ગયું. સવારે આઠે તો હું સંપુર્ણ ભાનમાં અને સંપુર્ણ સ્વસ્થ !

પણ ખરી રંગત હવે શરુ થાય છે. દોઢ દીવસ પછી બીજા રુમમાં ખસેડ્યો કે તરત સગાં–સ્નેહીઓની લંગાર લાગી ગઈ! દરદીઓને મળવાનો કાયદેસરનો સમય સાંજે સાડાચારથી છનો. તે સમયમાં સાદા, સીધા, સરળ મુલાકાતીઓ આવતા. બાકીના સમયમાં ઘુસણખોરો ગમે તે બહાને આવી જતા. જે મળવા આવે તે અત્યન્ત સહાનુભુતીપુર્વક હૃદયરોગનાં કારણો, તેને ટાળવા કે નીવારવાની પદ્ધતીઓ, અલ્પાહાર–સંયતવીહાર, મનોવ્યાપારની વીવીધ સલાહ–સુચનો આપતાં. અત્યન્ત નીકટના તો, ‘હવે દોડાદોડી બંધ કરો અને છાનામાના ઘરમાં રહેજો. આજે બીહાર ને કાલે આસામ! અમે કહેતાં ત્યારે માનતા નહોતા; લો, હવે કુદરતે જ લાલ ઝંડી બતાડી દીધી ને?’ આમ, તરેહ તરેહની વાતો મને લાગણીપુર્વક સૌ કહેતા. કેટલાક ખર્ચનું પુછતા. કેટલાક ઝાઝી લપ્પનછપ્પન વગર યથાશક્તી ફાળો પણ મુકી જતા. મને બધું ગમતું; પણ મારી મુંઝવણ તો વધતી જ જતી હતી.

હું તો મહીનામાં દશ દીવસ(સરેરાશ) બહાર ફરનારો. અને મહીને એકાદ વાર તો ગુજરાતની બહાર ઉત્તર–દક્ષીણ–પુર્વ–પશ્ચીમ ભારતમાં સર્વોદયની મીટીંગો, સેમીનારો, સંમેલનો, રાહતકાર્યોમાં મદદરુપ થવા અને અન્ય અનેક કારણોસર ફરતો રહેનારો.

પુરા સાડાત્રણ દીવસે હૉસ્પીટલેથી ઘરે આવ્યો. સાંજે સુરતનાં ઉત્તમ–મધુ ગજ્જરે મારા ડૉકટર દીકરા ભરતને પહેલાં 'સુશીલા' નામની ચોપડી બતાડી. તેની પરવાનગી લીધી અને એવી સુચના સાથે મને 'સુશીલા' આપી કે, 'જુઓ, વાંચતાં વાંચતાં પારીજાતકનાં ફુલો જેવું મરકમરક હસવાની છુટ; પણ ખડખડાટ હસી અમને ડૉ. ભરતભાઈનો ઠપકો નહીં ખવડાવતાં.'

રાતે સૌ વીદાય થયા ત્યાં સુધી મારો જીવ ચોપડીમાં કે શું હશે એમાં! હરનીશ કે અહર્નીશ એવું નામ તો કશે સાંભળ્યું નથી. તક મળતાં જ પુસ્તક હાથમાં લીધું– નામ 'સુશીલા', અમેરીકા નીવાસી લેખક હરનીશ જાનીની હાસ્યરચનાઓનું પુસ્તક. એક સરખી સલાહ–સુચનાઓ સાંભળી સાંભળી હું મુંઝવણમાં હતો, ત્યાં આ ચોપડીના વાચનની શરુઆતે જ મારામાં નવા જ ઉત્સાહનો સંચાર કર્યો.

રાજપીપળાના વતની, જીવનનાં પચીસ વર્ષો ભારતમાં ગાળી, છેલ્લાં ચાળીસ વર્ષોથી અમેરીકામાં સપરીવાર સ્થાયી થયેલા હરનીશભાઈએ પોતે પાંચ–પાંચ વાર એન્જીયોપ્લાસ્ટી અને એક વાર ડબલ બાય–પાસ સર્જરી કરાવી છે! વળી, ડાયાબીટીઝનાયે દરદી! તેઓ જાતઅનુભવી ને ઉંમરે ભલે મારાથી નાના તોય; તેઓ આ દરદના વારસદાર તરીકે મારાથી સીનીયર એટલે તેમના સ્વાનુભવમાંથી મને જીવનોપયોગી કશું શીખવા મળશે એમ માની ઉંઘવાને બદલે રાતે ચોપડી લઈને હું તો બેઠો.

રતીલાલ બોરીસાગરની પ્રસ્તાવના, લેખકની 'દીલની વાતો' અને 'ઋણ–સ્વીકાર' પછી 'એક દીલ, સો અફસાને' નામના પહેલા લેખથી શરુઆત કરી. (128 પાનની ચોપડીમાં 32 લેખો. કીંમત 100/- રુપીયા. (પ્રકાશક – હર્ષ પ્રકાશન, 403- ઓમદર્શન ફ્લેટ્સ, 7-મહાવીર સોસાયટી, પાલડી, અમદાવાદ–380 007) જો કે મને તો ઉત્તમ–મધુએ એમને મળેલી એકની એક એક નકલ ભેટ જ આપી દીધી. પણ કીંમત 500 રુપીયા હોત ને; તોય હું તરત આપી દેત. મંજુલા તો ઉજાગરાને કારણે ઘસઘસાટ ઉંઘતી રહી ને હું રાતે સાડાત્રણે પુસ્તક પુરું વાંચીને હસતો હસતો પ્રસન્ન વદને સુતો !

હૉસ્પીટલમાં હૃદયરોગી તરીકે દાખલ થનારે, એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી કે બાય–પાસ સર્જરી કરાવનારે કે તેવા રોગીને મળવા જનાર અનુભવી–બીનઅનુભવી તમામે, તમામ ચીકીત્સા પદ્ધતીઓના ઉપચારકોએ આ પુસ્તક વાંચવું જ પડે તેવું છે. હું તો ભલામણ કરું કે, પૈસે પહોંચતા હૃદયરોગી, જથ્થાબંધ ચોપડીઓ ખરીદી, ડૉક્ટરો, હૉસ્પીટલ સ્ટાફ અને મુલાકાતીઓને એક એક નકલ ભેટ આપે.

હૃદયરોગ ઉપરના લેખો તો અંદર ખરા જ તદુપરાંત, યુરોપ–અમેરીકાના લોકોનાં જીવન, ભારતમાંથી ત્યાં ગયેલા ગુજરાતીઓનાં જીવન, 60-70 વર્ષ ઉપરનાં આપણા ગુજરાતના જીવન–વ્યવહારો, આપણી અંધશ્રદ્ધાઓ, ખોટી માન્યતાઓ ને પરંપરાઓ વગેરે વીષયો પર પણ લેખકે ગજબની હાસ્યરચનાઓ કરી છે. હું તો પાંચમે જ દીવસે મારા દર્દના કષ્ટમાંથી મુક્ત થઈ રાહત અનુભવતો થઈ ગયો.

મને હરનીશભાઈની આ ચોપડી વાંચતાં તેમની જોડે થોડી વધુ આત્મીયતા એટલા માટે અનુભવાઈ કે તેમણે વર્ણવેલાં પારીવારીક પાત્રો પૈકી કેટલાંકને મેં મારા પરીવાર–પાડોશમાં જોયાં છે. વળી, રાજપીપળા તેમનું વતન ને મારું મોસાળ. નાંદોદ તાલુકામાં ભીલવસીમાં તેમની જમીનનો ઉલ્લેખ છે. ભીલવસીમાં રાજકોટની શ્રેયાર્થી બહેનો ગામ લોકો સાથે આજે રહે છે. ત્યાં હું પોતે પણ જઈ આવ્યો છું.

હરનીશભાઈ, હજી પણ આવી સુન્દર રચનાઓ આપે અને અમને તાજગી અને પ્રફુલ્લતા બક્ષી, અમારા હૃદયને વધુ સક્ષમ બનાવતા રહે એ જ શુભેચ્છા.

(*અફસોસ, હવે હરનીશભાઈ કે જગદીશભાઈ, બન્ને આપણી વચ્ચે નથી!*)

**સ્વ.– જગદીશ શાહ**

(*સ્વ. જગદીશભાઈએ સ્થાપેલું ‘કુદરતી ઉપચાર કેન્દ્ર’* (Website: https://nisargopachar.org/ , *એમના દીકરા ડૉ. ભરતભાઈ શાહ સેવાભાવથી ચલાવે છે.*)

**સમ્પર્ક:**

‘વીનોબા આશ્રમ’, ગોત્રી રોડ, વડોદરા-390 021 Phone-0265-237 1880
Mobile-94261 87847 eMail : info@nisargopachar.org

‘ભુમીપુત્ર કાર્યાલય’, હુજરાતપાગા, વડોદરા–390 001થી પ્રગટતા પાક્ષીક ‘ભુમીપુત્ર’ (વાર્ષીક લવાજમ રુ. 150 હવે રુ.-200)ના તા. 1 નવેમ્બર 2009ના અંકના પાન 9 ઉપરથી સાભાર.. ..ઉ.મ..

♦●♦

## ‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 446–February 16, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,75,96,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,56,37,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,13,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,28,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@